| | |
|---|---|
| આંક | |
| દાખલ થયા તા. | ૦૧/૧૧/૨૦૨૩ |
| રજુ કર્યા તા. | ૦૧/૧૧/૨૦૨૩ |
| ફેંસલ કર્યા તા. | ૩૦/૦૬/૨૦૨૬ |
| સમય મર્યાદા | ૦૨ વર્ષ, ૦૭ માસ, ૨૯ દિવસ |

**પ માં એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ (અમદાવાદ શહેર) સાહેબની કોર્ટ સમક્ષ.**

**ફોજદારી કેસ નં. ૧૧૫૫૨૨/૨૦૨૩**

**ફરીયાદી :–**

**૧.** સ્ટેટ ઓફ ગુજરાત

**વિરુધ્ધ**

**આરોપી :–**

**૧.** મહેન્દ્રભાઇ ઉર્ફે મુકેશભાઇ મોહનભાઇ ગઢવી, ઉ.વ.૬૩,

**૨.** સુધીર મહેન્દ્રભાઇ ઉર્ફે મુકેશભાઇ ગઢવી, ઉ.વ.૩૫,
બન્ને રહે. મ. નં.૧૪, ધનુષધારી સોસાયટી,
ફદેલી શકિત ચોક, સૈજપુર બોધા, અમદાવાદ.

**ગુન્હો:– ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી), ૬૫(એ)(એ), ૧૧૬(૧)(બી), ૮૧ મુજબ.**

**સરકાર તરફે : વિધ્વાન મદદનીશ સરકારી વકીલશ્રી**
**આરોપી તરફે : વિ. વ. શ્રી એ. કે. ગઢવી**

**–//જજમેન્ટ//–**

(૧) આ કામના આરોપીઓ પૈકી આરોપી નં.૧ નાએ તા.૦૫.૦૮.૨૦૨૩ ના કલાક ૨૨:૦૦ વાગ્યે પોતાના રહેણાંક મકાન નં.૧૪ ધનુષધારી સોસાયટી ફદેલી શકિત ચોક સૈજપુર બોધા ખાતે વગર પાસ પરમીટે ભારતીય બનાવટનો પરપ્રાંતની વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડોની નાની મોટી શીલબંધ બોટલો કુલ નંગ–૪૭ કિંમત

રૂા.૮,૨૯૬/- ની મત્તાનો રાખી પોલીસની રેઈડ દરમ્યાન મળી આવી જેની અંગ ઝડતી માંથી રોકડા રૂા.૫,૭૦૦/- તથા મોબાઇલ ફોન નંગ-૧ કિંમત રૂા.૫,૦૦૦/- ની મત્તા મળી કુલ રૂા.૧૮,૯૯૬/- ના મુદ્ધામાલ સાથે મળી આવી તેમજ આરોપી નં.૨ નાઓ ઉપરોકત ભારતીય બનાવટનો પરપ્રાંતિય વિદેશી દારૂની અલગ અલગ બ્રાંન્ડોની નાની મોટી શીલબંધ બોટલો પોતાના ઘરમાં અંગત આર્થીક ફાયદા સારૂ રાખી આરોપીઓએ એક બીજાની મદદગારી કરી ગુનો કરેલ હોવાની ફરીયાદ ફરીયાદીએ કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં કરતાં, પોલીસે પાર્ટ સી. ગુના રજી. નં. ૧૧૧૯૧૦૧૩૨૨૦૬૭૧/૨૦૨૩ થી ગુનો રજીસ્ટર્ડ કરેલ અને મુદ્ધામાલ સેમ્પલ પૃથ્થકરણ માટે લીધેલ અને મુદ્ધામાલ પંચનામાની વિગતે કબજે લઈ તપાસ કરનાર અધિકારીએ સાહેદોના નિવેદનો લઈ તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતાં હાલનું ધી પ્રોહીબીશન એકટની કલમ-૬૬(૧)(બી), ૬૫(એ)(એ), ૧૧૬(૧)(બી), ૮૧ ચાર્જશીટ કરેલ છે.

(૨) આ કામે આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ દાખલ થતા આરોપીઓને સમન્સ કરતા તેઓ હાજર થયેલ હોઈ, કેસના કાગળોની નકલો વિના મુલ્યે આરોપીઓને આપવામાં આવેલ અને ત્યારબાદ આરોપીઓ સામે આંક-૦૪ થી તહોમતનામુ ફરમાવી તેઓનો જવાબ આંક-૦૫ અને ૦૬ અન્વયે થી રેકર્ડ પર લેવામાં આવેલ છે અને તેમની સામેના ગુનાનો ઈન્કાર કરતા કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૩.) ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૪૨ અન્વયે નીચે મુજબના પુરાવા રજુ કરેલા છે.

**-: ફરીયાદપક્ષે મૌખિક પુરાવો :-**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| ૧. | ૦૭ | ફરીયાદી ઈન્દ્રસિંહ પ્રવિણસિંહ ચાવડાની જુબાની |
| ૨. | ૧૦ | પંચસાહેદ મહંમદઆસીફ જરીફ અહેમદ અંસારીની જુબાની |

| | | |
|---|---|---|
| ૩. | ૧૨ | સાહેદ મહંમદયુનુસ અસગરઅલી તીરમીજીની જુબાની |

**–: ફરીયાદ પક્ષનો દસ્તાવેજી પુરાવો :–**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૦૮ | ફરીયાદની નકલ |
| ૨. | ૦૯ | પંચનામાની નકલ |

(૪) ફરિયાદપક્ષે ઉપરોકત પુરાવા રજુ કર્યા બાદ વિ.એ.પી.પી.શ્રીએ તેઓનો પુરાવો પૂર્ણ કર્યાની મૌખિક જાહેરાત કરતા આરોપીઓનુ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ. જેમાં તેઓ વિરૂધ્ધના પુરાવાની હકીકત ખોટી હોવાનું તેમજ વિશેષમાં આવો કોઇ મુદ્દામાલ મળી આવેલ નથી તેમજ ખોટી ફરીયાદ દાખલ કરેલ છે તેમજ આવો કોઈ ગુનો કરેલ ન હોવાનું જણાવેલ છે.

(૫.)આ કામે ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.ની તેમજ આરોપીઓના વિ. વકીલશ્રીની દલીલો સાંભળી.

(૬.) આ કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**– : મુદ્દાઓ :–**

| | |
|---|---|
| ૧ | શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓ પૈકી આરોપી નં.૧ નાએ તા.૦૫.૦૮.૨૦૨૩ ના કલાક ૨૨:૦૦ વાગ્યે પોતાના રહેણાંક મકાન નં.૧૪ ધનુષધારી સોસાયટી ફદેલી શકિત ચોક સૈજપુર બોઘા ખાતે વગર પાસ પરમીટે ભારતીય બનાવટનો પરપ્રાંતની વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડોની નાની મોટી શીલબંધ બોટલો કુલ નંગ–૪૭ કિંમત રૂા.૮,૨૯૬/– ની મત્તાનો રાખી પોલીસની રેઈડ દરમ્યાન મળી આવી જેની અંગ ઝડતી માંથી રોકડા રૂા.૫,૭૦૦/– તથા મોબાઈલ ફોન નંગ–૧ કિંમત રૂા.૫,૦૦૦/– ની મત્તા મળી |

| | |
|---|---|
| | કુલ રૂ.૧૮,૯૯૬/- ના મુદ્દામાલ સાથે મળી આવી તેમજ આરોપી નં.ર નાઓ ઉપરોકત ભારતીય બનાવટનો પરપ્રાંતિય વિદેશી દારૂની અલગ અલગ બ્રાંન્ડોની નાની મોટી શીલબંધ બોટલો પોતાના ઘરમાં અંગત આર્થીક ફાયદા સારૂ રાખી આરોપીઓએ એક બીજાની મદદગારી કરી ગુનો કરી ધી પ્રોહી એકટની કલમ - ૬૬(૧)(બી), ૬૫(એ)(એ), ૧૧૬(૧)(બી), ૮૧ નો શિક્ષાપાત્ર ગુનો આ અદાલતની હકુમત માં કરેલ છે? |
| ૨. | શું હુકમ? |

(૭) ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો અને તે અંગેના કારણો નીચે મુજબ છે.

(૧) નકારમાં.
(૨) છેવટના હુકમ મુજબ.

## - :: કા ર ણો ::-

**<u>મુદ્દા નં. ૧ ના કારણો</u> :-**

(૮) ભારતીય પુરાવા અધિનીયમની કલમ-૧૦૧ અને ૧૦૨ સાથે વાંચતા ફોજદારી ન્યાય શાસ્ત્રના સ્થાપિત સિધ્ધાંતો મુજબ, આક્ષેપીત ગુનો આરોપી ધ્વારા જ કરવામાં આવેલ છે તે પુરવાર કરવાની સંપુર્ણ જવાબદારી ફરીયાદપક્ષ પર રહેલી છે, કારણ કે કાયદાના સ્થાપિત સિધ્ધાંતો મુજબ આરોપી જયાં સુધી દોષીત સાબીત ન થાય ત્યાં સુધી નિર્દોષ છે. કાયદાની આ મુળભુત સિધ્ધાંતો લક્ષમાં રાખીને, આ કેસના ન્યાય નિર્ણય હેતુ રેકર્ડ પર રજુ કરેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવેલ છે.

(૮.૧) આ કામે ફરીયાદપક્ષની હકીકત મુજબ, આ કામના આરોપી નં.૧ નાએ પોતાના રહેણાંક મકાનમાં વગર પાસ પરમીટે ભારતીય બનાવટનો પરપ્રાંતની વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડોની નાની મોટી શીલબંધ બોટલો કુલ નંગ-૪૭ રાખી

પોલીસની રેઈડ દરમ્યાન મળી આવી જેની અંગ ઝડતી માંથી રોકડા રૂા.૫,૭૦૦/– તથા મોબાઈલ ફોન મળી કુલ રૂા.૧૮,૯૯૬/– ના મુદ્દામાલ સાથે મળી આવી તેમજ આરોપી નં.ર નાઓ ઉપરોકત વિદેશી દારૂની બોટલો પોતાના ઘરમાં રાખી એક બીજાની મદદગારી કરેલ. જે અંગેની ફરીયાદ આ કામના ફરીયાદી ઈન્દ્રસિંહ પ્રવિણસિંહ ચાવડા નાઓએ આપેલ તેઓની જુબાની આંક–૦૭ થી નોંધવામાં આવેલ છે. આ ઉપરાંત સાહેદ મહંમદયુનુસ અસગરઅલી તીરમીજી ફરીયાદી સાથે પેટ્રોલીંગમાં હતા. ફરીયાદપક્ષની હકીકત અનુસાર આરોપી પોતાના ઘરે વિદેશી દારૂનો જથ્થો વેચાણ કરે છે તેવી બાતમી આધારે રેડ કરી આરોપીને સ્થળ પરથી અટક કરેલ. તે મુજબની હકીકત ફરીયાદી તેમજ સાહેદ તેઓની જુબાનીમાં જણાવે છે. ફરીયાદી અને સાહેદની ઉલટ તપાસ ધ્યાને લેતાં, તેઓએ બોટલમાં દારૂ છે કે કેમ? તેની જાતે ખરાઈ કરેલ ન હોવાનું જણાવેલ છે. આમ, ફરીયાદી અને સાહેદ બન્ને પોલીસ સાહેદો છે તેઓની જુબાનીથી ફરીયાદપક્ષની હકીકતને સમર્થન મળે છે. ફરીયાદીએ તમામ કાર્યવાહી પંચો રૂબરૂ કરવામાં આવેલ અને તે અંગે આંક–૦૯ થી રજુ પંચનામું કરેલાનું જણાવે છે. કોર્ટ રૂબરૂ પંચસાહેદ મહંમદઆસીફ જરીફ અહેમદ અંસારીની જુબાની આંક–૧૦ થી નોંધવામાં આવેલ છે. આ સાહેદ આંક–૦૯ થી રજુ પંચનામા અને ફરીયાદ મુજબની કાર્યવાહી તેઓ રૂબરૂ કરવામાં આવેલ હોવાની ફરીયાદપક્ષની હકીકતને સમર્થન આપતા નથી. આ પંચસાહેદને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરેલ અને ત્યારબાદની ઉલટ તપાસમાં પણ ફરીયાદપક્ષને સમર્થન આપતા નથી. આમ, ફરીયાદપક્ષની હકીકત સ્વતંત્ર સાહેદ રૂબરૂ પંચનામા મુજબની કાર્યવાહી થયેલ હોવાની હકીકતને સમર્થન મળતું નથી. આ ઉપરાંત ફરીયાદી અને સાહેદ પોલીસ સાહેદોએ તેઓની જુબાનીમાં ફરીયાદપક્ષની હકીકતને સમર્થન આપેલ છે. આ સાહેદો તેઓની ઉલટતપાસમાં બોટલમાં લીકર છે કે કેમ તેની ખરાઈ કરેલ નહીં હોવાનું જણાવેલ છે. આ કામે કોઈ સ્વતંત્ર સાહેદ ઉપલબ્ધ હોવા છતાં ફરીયાદપક્ષે ચાર્જશીટમાં દર્શાવેલ નથી કે તેઓનો પુરાવો આ કામે રજુ રાખેલ નથી. આમ, આક્ષેપીત બનાવ સંદર્ભે પોલીસ સાહેદ સિવાય અન્ય સાહેદો ઉપલબ્ધ હોવા છતાં તેઓનો પુરાવો રજુ થયેલ નથી. જે કારણોસર ફરીયાદપક્ષ આરોપી પાસેથી દારૂ મળી આવેલ હોવાની હકીકત રેકર્ડ પર રજુ મૌખિક અને દસ્તાવેજી પુરાવાથી નિ:શંકપણે સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ છે તેમ ઠરાવવામાં આવે છે. આથી, મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવવામાં આવે છે અને મુદ્દા નં.ર અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**આ ખ રી હુ ક મ**

૧. આથી, આરોપી નાઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૧) હેઠળ પ્રોહી. એકટની કલમ– ૬૬(૧)(બી), ૬૫(એ)(એ), ૧૧૬(૧)(બી), ૮૧ મુજબના શિક્ષાને પાત્ર ગુનાના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુદ્દામાલ મોબાઈલ અંગે કરવામાં આવેલ વચગાળાનો હુકમ અપીલ સમય બાદ બિનશરતી કાયમ કરવાનો હુકમ કરવામાં આવે છે તેમજ મુદ્દામાલ રોકડ નાણાં સરકાર ખાતે ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે. મુદ્દામાલ દારૂનો અપીલ સમય બાદ નિયમ અનુસાર નાશ કરવો.

૩. આરોપીઓએ અગાઉ રેકર્ડ પર રજુ કરેલ જામીન અને જાતમુચરકા સી.આર.પી.સી.ની કલમ–૪૩૭(એ) મુજબના સમયગાળા માટે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ.૩૦, માહે.જુન, સને.૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

[દર્શકકુમાર દિનેશચંદ્ર શાહ]
પ માં એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ સીટી (કોર્ટ નં.૧)
Code–GJ00956

અમદાવાદ